# પ્રકરણ : ૭

## ઉપસંહાર

# પ્રકરણ : ૭

# ઉપસંહાર

રાયકરણ ઘેલો નવલકથા ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા ગણવામાં આવે છે. એ પહેલા ફિકરસ્યન હતુ ખરું પરંતુ તે નીતિ કથા જેવું પૌરાણિક વાર્તાઓ જેવું પ્રમાણમાં ઉપદેશક હતું નંદશંકર થી લાભશંકર સુધી આવતા નવલકથાએ ઘણો વિકાસ કર્યો છે. ઘણા ઉતાર ચઢાવ જોયા છે. એક તબક્કે સૌથી વધુ વંચાતા કલાસ્વરૂપ તરીકે તેની બોલબાલા હતી તો કેટલાક સંભ્રાત વિવેચકો દ્વારા નવલકથા માટે નાકનું ટીચકું ચડાવવાનું કારણ કે શુદ્ધ સાહિત્યના આગ્રહીઓ નવલકથાને પ્રમાણમાં ઓછું કલાત્મક સ્વરૂપ ગણતા હતા. બીજી બાજુ લોકપ્રિય થયેલા આ કથા સ્વરૂપે ચીલાચાલુ વર્ણનો શિથિલ કલાબંધ બિબાંધાર પાત્રો અને બોલકા ઉપદેશને કારણે તેની કલાકીય ગુણવત્તા ગુમાવવા માડી ત્યારે એવું પણ કહેવાવા લાગ્યું કે નવલકથાનો નાભિશ્વાસ ચાલે છે જો કે એ વાત ને પણ બે દાયકાથી વધારે સમય થયો અને છતાં પણ નવલકથા હજુયે લખાય છે અને વંચાય છે.

ગુજરાતી સાહિત્યની પ્રારંભિક નવલકથાઓમાં કેન્દ્રસ્થાને આદર્શ હતો. જેમાં ભારતીય કુટુંબ વ્યવસ્થા સમાજ વ્યવસ્થા અને ઉત્તમ સંસ્કૃતિનો પક્ષ લેવામાં આવતો સરસ્વતી ચંદ્રકાળે ચાર ભાગમાં ભારતીય જીવનના ચાર પુરુષાર્થો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પર ભાર મૂક્યો. સાચો સંસાર અને સાચો સંન્યાસ કેવો હોય તેનો આદર્શ નમૂનો રજૂ કર્યો તેમણે રજુ કરેલ કલ્યાણગ્રામની જ વાસ્તવિક આવૃત્તિ આપણે ગાંધીજીના રામરાજ્યમાં આપણે જોઈ શકીએ. જો કે આ મહાનવલ બિનજરૂરી પસ્તાર ધરાવે છે. લેખક અહીં પોતાના વિચારો આદર્શો અને ઉપદેશો ને રજૂ કરવા કથાનો આશરો લે છે. એવું તેણે પ્રસ્તાવનામાં પણ કબુલ્યું છે. એક સાથે ઘણું બધું કહી દેવાની લાલચને કારણે આ નવલકથા પુરાણ બની રહી છે. પરંતુ જે સમયગાળામાં જે લખાયું તે સમયગાળા પ્રમાણે ઉત્તમ માન્યાવિના ન ચાલે પંડિત યુગમાં પ્રસ્તાર અને કિલષ્ટતા સામાન્ય બાબત છે. વળી, એ સમયમાં હજુ નવલકથા પા પા પગલી માંડી રહી હતી. ત્યારે સરસ્વતીચંદ્રનું આગમન મોટી ઘટના ગણાય. ગોમાત્રી પછીના તરતના નવલકથાકાર મુનશીને ગણવા રહ્યા.

મુનશી પણ આદર્શવાદી તો છે. પરંતુ તેમનાં પાત્રો મોટે ભાગે એક સરખી રીતે મહત્વકાંક્ષી ગૌરવસભર અને સંસ્કૃતિ પૂજક બને છે. વળી, તેમની નવલકથામાં પાત્ર વિકાસ ભાગ્યે જ હોય છે. માત્ર નવલકથાની ગતિ અને તેનો ધારા પ્રવાહ વાચકને રસતળબોળ રાખે છે. તેમની નવલકથાઓમાં ગુજરાતનો તથા રાજાધિરાજ અને જય સોમનાથમાં ગુજરાતના સુર્વણકાળને ભવ્ય રીતે નિરુપવાની મથામણ છે. મુનશીનો પાત્રો પણ જરા જુદી રીતે બીબાઢાળ બની રહ્યાં છે. ગાંધીયુગમાં મુનશી જેટલા જ સશકત નવલકથાકાર તરીકે ર.વ.દેસાઈ નોંધપાત્ર છે. મુનશીની તુલનામાં અમેની કૃતિઓ વાસ્તવિક અને કલાત્મક છે. અલબત્ત તેમની શૈલીમાં મુનશી પાસે છે તેવી મોહિની નથી પરંતુ તેમની નવલકથાઓમાં જે તે સમયના સામાજિક પ્રશ્નોની છણાવટ મળે છે. તેમની ગ્રામલક્ષ્મી, કોકિલા, ભારેલો અગ્નિ, શિરીષ જેવી નવલકથાઓમાં આદર્શવાદી પાત્રો જોવાં મળ્યાં. ગાંધીયુગમાં મેઘાણી, મનુભાઈ પંચોળી (દર્શક) અને પન્નાલાલ પટેલ સત્વશીલ સર્જક તરીકે પ્રગટ્યા છે. મેઘાણી બહુઆયામી સર્જક હતા. સમરાંગણ, વસુધરાનાં વ્હાલા દવલાં અને સોરઠ તારા વહેતાં પાણી તેમની ધ્યાનપાત્ર નવલકથાઓ છે તો ઝેર તો પીધાં છે જાણી જાણી, દીપનિર્વાણ, સોક્રટીસ તથા બંધન અને મુક્તિ નવલકથાઓ દર્શક પાસેથી મળી છે. દર્શક ગાંધીવાદી લેખક વિચારક છે. પરિણામે તેમની નવલકથાઓમાં ગાંધીવાદ જુદે જુદે સ્વરૂપે પ્રગટ થાય છે. ઘણીવાર એને કારણે જ એમની નવલકથાનું કળા સ્વરૂપ કથળે છે. સાહિત્યમાં ચમત્કારની રીતે પ્રગટેલા પન્નાલાલ પટેલથી ગુજરાતી નવલકથાએ એક મહત્ત્વનો વળાંક લીધો, તેમની ગ્રામજીવનને સ્પર્શતી નવલકથાઓ ખાસ કરીને મળેલા જીવ, માનવીની ભવાઈ, ના છૂટકે, પાછલે બારણે અને વળામણાંમાં જાનદી બોલીની શક્તિ સુંદર રીતે પ્રગટ થઈ છે. પ્રથમવાર ગુજરાતી નવલકથા વાયવી વાતાવરણ ત્યજીને જમીનને સ્પર્શે છે. મતલબ કે વાસ્તવની ભોય પર ડગ માંડે છે. પન્નાલાલ વધારે સંકુલ અને કલાત્મક રીતે નવલકથા માંડે છે. અનુગાંધી યુગમાં મૂલ્ય તથા આદર્શો સામે વિદ્રોહ કરતો નવલકથાકાર સામે આવે છે. બબ્બે વિશ્વયુદ્ધ અને અંગ્રેજોની ગુલામી પછી સ્વતંત્રતા મળ્યા બાદની મોહભંગની સ્થિતિનો ચિતાર પાછોતરી નવલકથામાં મળે છે. હતાશા નિવેંદ વિરતિના નકારાત્મક જણાય તેવા વિચારોની ઝપટમાં અનુઆધુનિક સર્જક આવ્યા વિના ન રહ્યો એ જ સમયે અસ્તિત્વવાદની વ્યાપક અસર ગુજરાતી નવલકથાઓ ઝીલી આકાર અને અમૃતા નવલકથામાં

અસ્તિત્વવાદની ઝલક જોવા મળી. એવી જ રીતે મહાભિનિષ્ક્રમણ અને મોહનિશા જેવી નવલકથાઓમાં આધુનિકતાના મંડાણ થતા અનુભવાયા. રાઘેશ્યામ શર્મા, લાભશંકર ઠાકર, બહાદુરભાઈ વાંક અને અન્ય સર્જકોમાં આપણે આધુનિકતાની અસર જોઈ શકીએ લાભશંકર ઠાકર અલબત્ત કવિ તરીકે પ્રસ્તાવિત થયા પછી ગદ્યભણી વળ્યા. તેમની 'કોણ' અને 'અકસ્માત' નામની બે નવલકથાઓ કવિતા સર્જનની સાથે જ પ્રગટ થઈ એ પછી લાંબા અંતરાલબાદ તેમજ દોઢ ડઝન જેટલી નવલકથાઓ આપી. લાભશંકર ઠાકર અન્ય નવલકથાકારોથી કેટલેક મુદ્દે જુદા પડે છે. સ્વરૂપની રીતે તેમની નવલકથાઓ પરંપરિત ઢાચાને જ વળગી રહે છે. તેઓ કવિતામાં છે તેટલા પ્રયોગશીલ નવલકથામાં નથી. પરંતુ કથ્ય યાને કે વિષયવસ્તુમાં પ્રયોગ કરતા જણાય તેઓ મોટેભાગે મધ્યમવર્ગના પાત્રો ને લઈ આવે છે. કેટલાંક પાત્રો સર્જક કવિ કે અધ્યાપક હોય તો કેટલાંક પાત્રો ભારતનાં છતાં એન.આર.આઈ. હોય ઘણાં પાત્રો માનસિક અસંતુલન ધરાવતાં લા.ઠા.માં મળે. એવી જ રીતે તેમની નવલકથાઓમાંથી પ્રગટ થતું દર્શન સર્વથા મૌલિક છે તેમ પરંપરા કરતાં ઉફરું પણ કે ખાસ કરીને મનુષ્યની અસ્તિત્વ મૂલક સમસ્યાઓનું નિરુપણ લાભશંકર ઠાકરની નવલકથામાં અત્ર તત્ર સર્વત્ર જોવા મળે એવી જ રીતે ધર્મ તેમજ કથિત સભ્યતા વિરૂદ્ધનો આક્રોશ એમની નવલકથામાં આવી સ્વરૂપે પ્રગટ થાય છે.

**નવલકથાકાર લાભશંકર ઠાકર :** આપણે લા.ઠા.ની નવલકથાઓની વિશેષતા અને મર્યાદાઓ વિશે ટૂંકમાં જોઈએ.

## વિશેષતા :-

- લાભશંકર ઠાકરની નવલકથામાં ભાષાની સાદગી સાથેનું સૌદર્ય પ્રગટ થાય છે. તેઓ પાત્રોના મનની ગતિવિધિઓને સંકુલ રીતે મૂકી આપવામાં કુશળ છે.
- લાભશંકર ઠાકર નવલકથા સ્વરૂપનો ઉપયોગ કરીને પોતાના દર્શનને લીલયા મૂકી આપે છે.
- લાભશંકર ઠાકર કવિ હોવાથી તેમની ભાષા અને ગદ્ય વધુ અસરકારક બને છે.

- મનુષ્યની અસ્તિત્વમૂલક સમસ્યાનું નિરૂપણ આ સર્જકમાં આગવો વિશેષ છે.

**મર્યાદાઓ :-**

- લાભશંકર ઠાકરની નવલકથાઓ ઘણીવાર પુનરોક્તિ દોષથી પીડાય છે.
- સંસ્કૃતિ સભ્યતા રાષ્ટ્ર અને સમાજ વિષેના કેટલાક વિચારો વધારે પડતા બોલકા, અવ્યવહારુ અને પક્ષપાતપૂર્ણ લાગે છે.
- નવલકથા સ્વરૂપને વિધવિધ સ્તરે ત્યાગવાનો પ્રયાસ આ સર્જક કરતા નથી.
- અતિલેખનને કારણે એક નવલકથા બીજીથી ભાગ્યે જ જૂદી પડે છે.

સમગ્ર રીતે જોતાં નવલકથાકાર લાભશંકર ઠાકર એક સક્ષમ અને સમૃદ્ધ સર્જક તરીકે આપણી સામે આવે છે.

**નાટ્યકાર લાભશંકર ઠાકર :-**

કાવ્યસર્જનની સમાંતરે લા.ઠા.ની નાટ્યપ્રવૃત્તિ ચાલતી રહી છે. એકાંકી, દ્વિઅંકી તથા ત્રિઅંકી નાટ્યસ્વરૂપોમાં તેમની કલમ સતત વિહરતી રહે છે. ''બાથટબમાં માછલી'', ''મરી જવાની મઝા'', ''મકસદ'' અને ''સ્વપ્નાક્ષરી'' જેમાં એકાંકી સંગ્રહ તેમણે સંપડાવ્યા છે તો વળી, ''એક ઊંદર અને જદુનાથ'', ''પીળું ગુલાબ અને હું'', ''મનસુખલાલ મજીઠિયા'' અને ''કાહે કોયલ શોર મચાયે રે'' જેવાં દીર્ઘનાટકો લા.ઠા. પાસેથી મળ્યાં છે. મોટાભાગના તેમનાં નાટકો મંચન પામ્યાં છે, પાત્રતાં રહે છે, ને નાટ્યકારની અનુકૂળતાનું પરિચાયક છે. આપણે નાટ્યકાર લા.ઠા.ની વિશેષતા - મર્યાદાઓ વિશે ટૂંકમાં જોઈએ.

**વિશેષતા :-**

- લા.ઠા.નાં નાટકો વાચનક્ષમ તેમ મંચનક્ષમ બની શક્યાં છે.
- લા.ઠા. નાટકના માધ્યમથી જીવનનું દર્શન પ્રગટ કરી આપે છે. જીવનની અસંગતિ, હતાશા, વિરતિને તેઓ સુધી નાટ્યત્વ અર્પે છે.

- લા.ઠા. નાટકમાં પરંપરા અને પ્રયોગને સાથે લઈને ચાલે છે.
- લા.ઠા. પાસે સંવાદની કળા અદ્‌ભુત છે.
- લા.ઠા. પાત્રોના મનોસંઘર્ષને પ્રગટ કરી આપવા અવનવીન પ્રયુક્તિઓ પ્રયોજી જાણે છે.

### મર્યાદાઓ :-

- લા.ઠા. જેવા માતબર નાટ્યસર્જકની મર્યાદાઓ વિશે ટૂંકમાં જોઈએ.
- લા.ઠા. નાં નાટકો ઘણીવાર શૈથિલ્યદોષથી પીડાય છે.
- ઘણીવાર ઉત્તરાર્ધમાં નાટકો પરની પક્કડ લેખક ગુમાવે છે.
- લા.ઠા. જીવનની નિરસારતા, નિર્વેદ, અસ્તિત્વમૂલક સમસ્યા આદિના સીમિત દાયરામાંથી બહાર જતા નથી. પરિણામે એકિવધતાનો અનુભવ થાય છે.

સમગ્ર રીતે જોતાં ગુજરાતી નાટયસાહિત્યમાં બટુભાઈ ઉમરવાડિયા, ચં.ચી.મહેતા, રસિકલાલ છો. પરીખ, રમણભાઈ નીલકંઠ, દલપતરાય આદિલ મન્સૂરી, મધુ રાય, ચિનુ મોદી આદિ સર્જકોની સાથોસાથ લા.ઠા. પણ ગૌરવભેર સ્થાન અંકે કરે છે, એમ કહી શકાય.

### નિબંધકાર લાભશંકર ઠાકર -

સર્જક લા.ઠા. બહુમુખી પ્રતિભા ધરાવતા સર્જક છે. કવિતા - નવલકથા અને નાટકની સાથે તેઓ નિબંધ પણ લખતા રહ્યા છે. પ્રાય તેમણે વર્તમાનપત્ર અથવા સામયિકની નિયમિત કટારમાં લેખનકાર્ય કર્યું છે. પરિણામે લેખકે ઈયત્તાની રીતે પુષ્કળ સર્જન કરી શક્યા છે. ‘સૂરજ ઊગ્યો કેવડિયાની ફણસે’, ‘પ્રતિભાવન હો’, ‘ક્ષણ-તત્ક્ષણ’, ‘સોનેરી ચૂંબન’ જેવા અસંખ્ય નિબંધસંગ્રહો તેમણે આપ્યા છે. ગુજરાતી નિબંધસાહિત્ય પ્રમાણમાં સમૃદ્ધ છે એમ કહી શકાય. સ્વામી આનંદ, કાકા કાલેલકર, ઉમાશંકર જોષી, સુરેશ જોશી, દિગીશ મહેતા, ભોળાભાઈ પટેલ જેવા ઉત્તમ સાંપ્રત સમસ્યા વિશે નુકચેચીની હોય છે. ધર્મ - સમાજ - રાજનીતિ -

રાષ્ટ્ર - સંસ્કૃતિ - સભ્યતા આદિ વિશે તેમણે પુષ્કળ નિબંધો લખ્યા છે. પરંતુ તેમાંના ઘણા પ્રાસંગિક બનીને રહી જાય છે. બહુ ઓછા નિબંધો કળાત્મકતાનાં ધોરણો જાળવી શક્યા છે.

## વિશેષતાઓ :-

- લા.ઠા.ના નિબંધોનું વિષયવૈવિધ્ય ધ્યાનપાત્ર છે.

- લા.ઠા.પાસે સમાજ - દેશ અને કાળ વિશે પોતીકો દષ્ટિકોણ છે.

- લા.ઠા. સાદી - સરળ ભાષામાં નિબંધ લખી શકે છે.

- લા.ઠા. પાસેની લાઘવની કથા નિબંધમાં ખપ આવી છે.

## મર્યાદાઓ :-

- લા.ઠા. નિબંધ ને ઉતાવળે સમેટી લે છે ત્યારે ખંડ બંધાતાં નથી.

- લા.ઠા. નિબંધના સ્વરૂપને ઠેબે ચઢાવે છે.

- લા.ઠા. લોકભોગ્યતાની તથા કરવામા કળાને હાનિ કરે છે.

- લા.ઠા. અતિલેખનના નાદમાં નિબંધનાં કળાત્મક અંગોની ઉપેક્ષા કરે છે.

- કેટલાક નિબંધો લઘુલેખ બનીને અટકી જાય છે.

- લા.ઠા.ના નિબંધોનું સમગ્રતાલક્ષી મૂલયાંકન કરતાં એવી છાપ પડે છે કે લા.ઠા. એ આ સ્વરૂપને નિષ્ઠાપૂર્વક સેવ્યું નથી.

જો કે, ‘બા વિશે’, ‘બાપા વિશે’ ના નિબંધો નોંધપાત્ર રીતે કલાત્મક છે.

## ચરિત્રકાર લાભશંકર ઠાકર :-

ચરિત્રકાર તરીકે લાભશંકર ઠાકરે ‘મારી બા’ અને ‘બાપા વિશે’ નાં ચરિત્રકથાનકોને આધારે લખ્યાં છે. આપણે ચરિત્રકાર લા.ઠા. ની વિશેષતા-મર્યાદાઓ વિશે ટૂંકમાં જોઈએ.

### વિશેષતાઓ :-

- આ ચરિત્રો સાચા અર્થમાં ચરિત્ર - નિબંધની કક્ષાએ વિસ્તરે-વિકસે છે.
- લેખકનો 'હું' અહીં અવરોધરૂપ નથી બનતો બલકે, કલાત્મક અભિવ્યક્તિને પામે છે.
- સત્ય ઘટનાને શી રીતે કલાકૃતિમાં ઢેરવી શકાય તેની સુક્ષ્મ સમજ લા.ઠા. પાસે છે. માટે જ પાત્ર ચરિત્રની કક્ષાએ ઉંચકાયા વિના રહ્યું નથી જેમાં લેખકની ચરિત્રકાર તરીકેની સિદ્ધિ છે.

### મર્યાદાઓ :-

- લાભશંકર ઠાકર ચરિત્રોમાં ઘણીવાર અભિધામાં વાત કરે છે.
- લા.ઠા.ના ચરિત્રોને કળાની સુક્ષ્મ દૃષ્ટિએ જોઈએ તો અહીં દોષો નથી જ એમ પણ ન કહી શકાય.
- તેમના ચરિત્રોમાં લેખક પુનરાવર્તન કરે છે. જે સાનમાં સમજાવી શકાય તેવી બાબતને તેઓ બિનજરૂરી લંબાણથી કહેવા બેસે છે.
- અહીં કેટલાંક ઉલ્લખેખો મહત્ત્વહીન છે જેનાથી ચરિત્રોને સ્પષ્ટ કરવામાં કે, કળાની દૃષ્ટિએ ખાસ લાભ થતો નથી.

ગુજરાતી સાહિત્યમાં ચરિત્રલેખન સંદર્ભે ખૂબ ઓછું સંશોધનલેખન કાર્ય થયું છે. તે સંદર્ભની શાસ્ત્રી ચર્ચા કરીને લાભશંકર ઠાકરના ચરિત્રલેખનનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

### બાળસાહિત્ય લાભશંકર ઠાકર :-

નવલકથાકાર- કવિ લાભશંકર ઠાકર રમ્ય કાવ્યા - નાટ્ય - નિબંધ - બાળવાર્તામાં સાક્ષાત્ જીવન આલેખે છે. 'મુંબઈની કીડી', 'કાગડા અંકલ મમરાવાળા', 'નદીકાંઠે ડરાઉં ડરાઉં', 'તડકાનો પાપડ', 'કાનખઉ રાક્ષસ' એ બાલકથા સંપૂટ દ્વારા બાલકથાક્ષેત્રે પણ ઉલ્લેખનીય સિદ્ધિ હાંસલ કરી છે. આપણે બાળસાહિત્યકાર લા.ઠા.ની વિશેષતાઓ અને મર્યાદાઓ વિશે ટૂંકમાં જોઈએ.

**વિશેષતાઓ :-**

- સ્વાભાવિક રીતે જ લાભશંકર ઠાકર જેવા સ્પષ્ટવકતા, નિખાલસ અને અરૂઢ સર્જક કશુ પણ લખવા ખાતર ન જ લખે.

- લા.ઠા.એ બાલકથા સર્જકના અધિકારમાં રમણીય પરચો બતાવ્યો છે.

- લા.ઠા. બાળકનો સ્વાભાવિક ચૈતચિક પ્રવાહ કોઈ રીતે વિક્ષિપ્ત કે અવરુ ન થાય એ પ્રકારનું બાલભોગ્ય વસ્તુકથન રીતિના તેઓ તરફદાર રહ્યા છે.

**મર્યાદાઓ :-**

- લાભશંકર ઠાકર બાળસાહિત્યનાં સ્વરૂપને ઠેબે ચઢાવે છે.

- લા.ઠા.ની બાળવાર્તાઓ ઘણીવાર પુનરોક્તિ દોષથી પીડાય છે.

આમ છતા લા.ઠા.ની મર્યાદાને બાદ કરતા તેઓ એક ઉત્તમ બાળ સાહિત્યકાર છે. તેમની બાળવારતા રૂપે પ્રગટ થઈને, લાઠાદાદાએ ખરેખર ગુજરાતનાં બાળકો પર આશિષ જ વરસાવી છે.

સર્જક લાભશંકર ઠાકર નવલકથાક્ષેત્રે, નાટક ક્ષેત્રે, કે નિબંધક્ષેત્રે, ગુજરાતી સાહિત્યમાં અન્ય પૂરોગામી અને સમકાલીન સર્જકોમાં પોતાનું પ્રદાન કરી રીતે મૂલ્યવાન કરી શક્યા છે એના વિશેષો કયા છે ? આ બધી બાબતોની વિસ્તારથી ચર્ચા કરી છે.

લાભશંકર ઠાકર કવિ હોવાની સાથે સાથે ગદ્યકાર તરીકે પણ એટલા જ સફળ રહ્યાં છે. તેઓ ખાસ કરીને નાટ્યકાર તરીકે તો ખૂબ જ વિખ્યાત થયા. એમના નાટકોની સિદ્ધિના તારણો તથા બાળસાહિત્ય અને ચરિત્રાત્મક લેખન વિશે પણ ચર્ચા કરીને આ મહાશોધનિબંધને પૂર્ણ કરવામાં આવ્યો છે. અંતમાં આ મહાસંશોધનાત્મક અભ્યાસમાં ઉપયોગી ગ્રંથોની વિગત પરિશિષ્ટમાં સંદર્ભગ્રંથ સૂચિ અને સંદર્ભમાં મૂકેલા સામયિયકોની સૂચિ મૂકવામાં આવી છે.